તા. ૨૭.૧૨.૨૦૨૩

ગાંધીનગર ભાસ્કર પાના નં. ૦૧

ગાંધીનગરમાં પાર્કિંગ અને ટ્રાફિક વ્યવસ્થાનું મેનેજમેન્ટ ડીજીપીકક્ષાના અધિકારીને સોંપાયું, 3 મુખ્ય માર્ગો ત્રણ દિવસ બંધ રખાશે

# વાઈબ્રન્ટ સમિટમાં 5 હજાર પોલીસની સુરક્ષા વ્યવસ્થા

## સીસીટીવીથી વીવીઆઈપી રૂટનું મોનિટરિંગ થશે : ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની પોલીસને બંદોબસ્તમાં બોલાવાશે

દિલીપ પ્રજાપતિ | ગાંધીનગર

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ગાંધીનગરને સજાવવાથી લઈને વાયબ્રન્ટ સમિટમાં આવનાર દેશ-વિદેશના મહેમાનો, વીવીઆઈપીની સલામતી સહિતની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગાંધીનગરમાં યોજાનારી આ ઈન્ટરનેશનલ લેવલની સમિટમાં કોઈપણ પ્રકારનો અનિચ્છનિય બનાવ ન બને તે માટે ગુજરાત પોલીસ સજ્જ બની છે. ગાંધીનગરના એન્ટ્રી પોઈન્ટથી લઈને વીવીઈપી રૂટ અને કોન્ફરન્સના મુખ્ય સ્થળો સહિતની સલામતી વ્યવસ્થા માટે 5 હજાર પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

ગાંધીનગર અને અમદાવાદ ઉપરાંત ઉત્તર ગુજરાતના જિલ્લા, ખેડા, આણંદ તેમજ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓની પોલીસને પણ વાયબ્રન્ટ સમિટના બંદોબસ્ત માટે રોકાશે. આ ઉપરાંત એસઆરપીની કંપનીઓ પણ તૈનાત કરવામાં આવશે. ગાંધીનગર શહેર તેમજ વીવીઆઈપી અવરજવરના તમામ રૂટને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવશે. હાલમાં ગાંધીનગરના તમામ મુખ્ય માર્ગો, મહાત્મા મંદિર, વાઈબ્રન્ટ એક્ઝિબિશન સેન્ટર અને ગિફ્ટ સિટી પરિસરમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે પરંતુ એકપણ કોર્નર મોનિટરિંગ વિનાનો ન રહી જાય તે માટે વધારાના 500 જેટલા સીસીટીવી કેમેરા લગાવવામાં આવનાર છે. 1થી 12 જાન્યુઆરી દરમિયાન યોજાનાર વાયબ્રન્ટ સમિટ અંતર્ગત મુખ્ય ત્રણ લોકેશન મહાત્મા મંદિર, વાઈબ્રન્ટ એક્ઝિબિશન સેન્ટર અને ગિફ્ટ સિટી ખાતે ચાંપતો બંદોબસ્ત રાખવામાં આવશે. તે ઉપરાંત આ ત્રણેય સ્થળોએ જતા મુખ્ય રૂટ, એરપોર્ટ અને અમદાવાદની હોટેલથી આવતા વીવીઆઈપી મહેમાનોના રૂટનું પણ સીસીટીવીથી સરવેલન્સ કરવામાં આવશે. વીવીઆઈપી મૂવમેન્ટને કોઈ અડચણ ન આવે તે માટે ત્રણ દિવસ ત્રણ મુખ્ય માર્ગો પણ અન્ય ટ્રાફિક માટે બંધ રાખવામાં આવશે.

### ગાંધીનગરમાં પાર્કિંગ અને ટ્રાફિક વ્યવસ્થા માટે ખાસ કમિટી બનાવાઇ : ગિફ્ટ સિટી, મેટ્રો રેલ કંપનીના પ્રતિનિધિનો સમાવેશ કરાયો

### મહાત્મા મંદિર, એક્ઝિબિશન સેન્ટર અને ગિફ્ટ સિટીમાં કાર્યક્રમ યોજાશે

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેવા આવનારા મહેમાનો, પ્રતિનિધિઓ અને મુલાકાતીઓના વાહનોના પાર્કિંગ તેમજ ગાંધીનગરની ટ્રાફિક વ્યવસ્થાના આયોજન, મોનિટરીંગ માટે ડીજીપી લો એન્ડ ઓર્ડરના અધ્યક્ષસ્થાને કમિટી બનાવવામાં આવી છે. જેમાં અમદાવાદના જેસીપી ટ્રાફિક, ગાંધીનગર એસપી, અમદાવાદ અને ગાંધીનગર આરટીઓ, ગાંધીનગર મહાનગરપાલિકાના ડીવાયએમસી, ગરૂડ, ગિફ્ટ સિટી, મેટ્રો રેલ કંપનીના પ્રતિનિધિઓ તેમજ નેશનલ હાઈવેના અધિકારીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મહાત્મા મંદિર, એક્ઝિબિશન સેન્ટર અને ગિફ્ટ સિટી એમ ત્રણ સ્થળે યોજાનાર ઈવેન્ટ માટે પાર્કિંગની વ્યવસ્થા કરાશે.

### તમામ પાર્કિંગ સ્થળે સીસીટીવી કેમેરા લગાવી નજર રખાશે

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પોલીસ દ્વારા સતત સીસીટીવી દ્વારા સર્વેલન્સ કરવામાં આવશે. આ માટે માર્ગો અને કાર્યક્રમ સ્થળો ઉપરાંત તમામ પાર્કિંગના સ્થળોએ પણ સીસીટીવી લગાવવામાં આવશે. તમામ કેટેગરીના પાર્કિંગમાં સીસીટીવી ફરજિયાત લગાવાશે. જેથી દરેક મૂવમેન્ટ પર પોલીસની નજર રહેશે.



મહાત્મા મંદિર સહિતના સ્થળે ઈવેન્ટ યોજાવાની છે.

### સામાન્ય નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે ગાઈડલાઈન જારી કરાશે



“ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ગાંધીનગરમાં આવનારા વીવીઆઈપી મહેમાનો અને તેમના કાફલા સરળતાથી પસાર થઈ શકે તે માટે કેટલાક મુખ્ય માર્ગો સમિટના દિવસોમાં બંધ રાખવામાં આવશે. પરંતુ શહેરના નાગરિકોને પણ કોઈ અડચણ ન પડે તે માટે યોગ્ય ડાયવર્ઝન અને વૈકલ્પિક રૂટ સહિતની ગાઈડલાઈન જારી કરવામાં આવશે. હાલ પોલીસ બંદોબસ્ત અને ટ્રાફિક અંગેની સ્કીમ તૈયાર થઈ રહી છે. જે ફાઈનલ થશે તે પછી નાગરિકોને અવરજવરના રૂટ અંગેની માહિતી જાહેર કરવામાં આવશે.

» રવિ તેજા વાસમસેટ્ટી, એસપી, ગાંધીનગર

### સમિટ દરમિયાન ખ, ગ અને જ- રોડ સામાન્ય ટ્રાફિક માટે બંધ રખાશે

વાઈબ્રન્ટ સમિટના મુખ્ય કાર્યક્રમો એટલે કે 10થી 12 જાન્યુઆરી દરમિયાન ગાંધીનગરના ખ અને ગ રોડ અન્ય તમામ વાહનચાલકો માટે બંધ રાખવામાં આવશે. મહાત્મા મંદિર આવતા વીવીઆઈપી મહેમાનોના કાફલાને અડચણ ન આવે તે માટે આ માર્ગો બંધ રાખવામાં આવશે. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મૂવમેન્ટ મુજબ જ- રોડ પણ સમયાંતરે બંધ રાખવામાં આવશે. તે મુજબ ટ્રાફિકને અન્ય માર્ગો પર ડાયવર્ટ કરવામાં આવશે. ગાંધીનગર પોલીસ દ્વારા આ પ્રકારે રૂટ તૈયાર કરીને તે મુજબ જાહેરનામુ બહાર પાડવા માટે જિલ્લા કલેક્ટરને દરખાસ્ત કરવામાં આવશે.